


"આજકાલ તમારા ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ વધતો જાય છે..!!"

"અમારૂ નગર તો શાંત નગર છે... શું રાજકીય ધમધમાટ લાગ્યો તમને..?!"

"કેમ જોયું નહી..? સવારના પહોંરમાં રાહુલ ગાંધી અક્ષરધામમાં આવી પહોંચ્યા..! કાલે રામકથા મેદાનમાં રાજપુતોની રેલી..! અને સાંજે અમિત શાહનું કાર્યકરોને સંબોધન..!!"

"આ તો બધુ રૂટીન છે..!! પાટનગર હોય એટલે આટલું તો હોય જ..!! આમાં તમને ધમધમાટ જેવું શું લાગે છે..?!"

"અરે સાહેબ..! નિયત કાર્યક્રમમાં ન હોવા છતાં રાહુલ ગાંધી અક્ષરધામના દર્શને પહોંચી ગયા આ જ સમાચાર છે..! આ જ ધમધમાટ છે..!!"

"ખરૂ છે..! 'સાહેબ' અક્ષરધામમાં આવે તેમાં બધાને નવાઈ નથી લાગતી..! અને રાહુલ ગાંધી અક્ષરધામ આવે તો ચર્ચાઓ ચર્ચાઓ ચર્ચાઓ..!!"

"એમ નહિં..! કોંગ્રેસ સોફ્ટ હિન્દુત્વ તરફ જઈ રહી છે..! એનો નિર્દેશ દેખાય છે..! એટલે ચર્ચાઓ જાગી છે..!! અને ભાજપની વોટબેંકમાં ગાબડુ પડે છે એટલે ચર્ચાઓ જાગી છે..!!"

"કમાલ છે બધી..!! તમે મૌલવીઓને બોલાવો એટલે મુસ્લિમ તૃષ્ટીકરણ ગણાશે..?! સોફ્ટ ઈસ્લામિક તરફનો ઝુકાવ ગણાશે..?! આ તો તમે કરો એ 'સર્વ ધર્મ સમભાવ' અને બીજા કરે તે તૃષ્ટિકરણ..?!"

"તમેય સમજ્યા વગર ચલાયે રાખો છો સાહેબ..!! જે રોજ મંદિરમાં જાય એ તો ચર્ચામાં ના હોય... પણ જે ન્હોતા જતાં એ જવા લાગ્યાં એટલે ચર્ચા જાગી છે..!! એટલે એની ચર્ચા થાય છે..!!"

"હા એ તો સમજ્યા..!! રાહુલ ગાંધી ચંદ્રાલામાં ભજીયા ખાય એ ય ભાજપને પેટમાં દુઃખે..?! રાહુલ બાળકો સાથે વાત કરે તેમાં તમને પપ્પુ દેખાય..?! રાહુલ ભાષણ કરે તો હજી ઘણું શીખવાનું છે કહી ઉતારી પડાય..?! અને મંદિરમાં જાય ત્યારે તમને દેખાડો લાગે..?! સમજાતુ નથી કે તમે કરો એ જ લીલા..!!"


"ભારે કરી તમે હોં..! બહુ ખેંચાઈ ગ્યા..!! અમે તો એમ કહીએ છીએ કે કોપીપેસ્ટ ના કરો, કંઈક નવું અને મૌલિક કરો..!! અમે રોડ-શૉ કરીએ એટલે તમારે રોડ-શૉ કરવાના..?! અમે સંપર્ક યાત્રા કરીએ એટલે તમારે ય સંપર્ક યાત્રા કરવાની..?! અમે ધાર્મિક સ્થાનોમાં જઈએ એટલે તમારેય જવાનું..?!"

"... અને અમે જીએસટીનો વિરોધ કરીએ એટલે તમારે જીએસટી ઘટાડી દેવાનો..?! અમે દ્વારકાથી પ્રચાર શરૂ કરીએ એટલે તમારેય દ્વારકાથી શરૂ કરવાનો..?! કોપી તો તમે કરો છો સાહેબ... કોપી તો તમે કરો છો..!!"

"હજુય તમે પ્રજાનો મુડ નથી પારખી શક્યા... અને ૨૨ વર્ષ ચૂંટણી જીત્યાનો અહંકાર તમને સતાવે છે..?!"

"ખોટી ખોટી વાતો ના કરો..!! પ્રજાના દિલમાં ભાજપ છે... પ્રજાની આંખોમાં વિકાસ દેખાય છે..! પ્રજાના હૃદયમાં સાહેબ માટે

● અનુસંધાન પાન-૩ પર





અક્ષરધામમાં અચાનક રાહુલ - વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામના દર્શને શનિવારે અચાનક જ રાહુલ ગાંધી એરપોર્ટથી સીધા આવી પહોંચ્યા હતા... અક્ષરધામની મુલાકાત દરમિયાન આનંદસ્વરૂપ સ્વામીએ તિલક કરી સ્વાગત કર્યું હતું... અને અક્ષરધામની વિગતો આપી હતી... રાહુલ ગાંધીએ પણ ભાવપૂર્વક સ્વામીનારાયણ ભગવાનના પ્રમુખ સ્વામીની પ્રતિમાના દર્શન કર્યા હતા... આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા...

# ભાજપના વર્તમાન ૨૪ ધારાસભ્યોને પુનઃ ટિકિટ નહિ આપવાનો નિર્ણય

**નો રિપીટ થીયરીમાં ૨૪ની ટિકિટ પ્રદેશ નેતાઓએ જ કાપી નાખી : ૧૨ થી વધુ મહિલા ઉમેદવારોનો પેનલમાં સમાવેશ : ગાંધીનગર જિલ્લા સહિત પાંચ જિલ્લાની પેનલોમાં એક પણ મહિલાનો સમાવેશ નહિ કરાયાની વાતો**

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય જનતા પક્ષના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડે ૨૪ જેટલા ધારાસભ્યોની ટિકિટ કાપવાનો હાલ નિર્ણય લઈ લીધો છે.

આજે બીજે દિવસે પણ ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો દોર ચાલુ રહ્યો હતો. રવિવારે સાંજે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉમેદવારોની પેનલો સાથે દિલ્હી જવા રવાના થશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડે એન્ટી ઈન્કમઅન્સી જે જોવા મળી રહી છે તેને ધ્યાને રાખી આવા સભ્યોને નો રીપીટ થિયરી અંતર્ગત ટિકિટથી વંચિત રાખવાનો નિર્ણય કરી લીધો છે.

આ ધારાસભ્યોએ સરકારી કાર્યક્રમો; સરકારી યોજનાઓના અમલીકરણમાં; વિસ્તારમાં વિકાસના કામોના અમલમાં ઉદાસીનતા દાખવવા તેમજ કાર્યક્રમોમાં વ્યાપક બનેલા અસંતોષ સહિતના કારણોને ધ્યાને રાખી ટિકિટ કાપવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

પેનલોની જે યાદી તૈયાર કરવામાં આવી છે તેમાં કેટલીક બેઠકો પર સીંગલ નામ જ છે તો ક્યાંક ત્રણથી પાંચ જેટલા નામ સુચવવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડે આ વખતે ઉમેદવારોની પસંદગી બાબતે તેના સાથી સંગઠ્ઠનોની પણ લાગણીને ધ્યાને લીધી છે એટલું જ નહિ કેટલાક ધાર્મિક આગેવાનો અને કલાકારોને પણ તેની પેનલમાં સ્થાન આપ્યુ છે.

ભાજપ દ્વારા યુવા ઉમેદવારોની પસંદગીને અગ્રતા આપવામાં આવી છે. ગાંધીનગર સહિત ચાર પાંચ જિલ્લામાં એક પણ મહિલાનો પેનલમાં પણ સમાવેશ નહિ કરાયાની વાતો બહાર આવી છે.

જો કે ઉમેદવારોની પસંદગીમાં બારથી વધુ મહિલાઓને ટિકિટ આપવાની ભલામણ કરવામાં આવી છે.

ગાંધીનગરની એક બેઠક માટે એક ઉમેદવારની સાબરકાંઠા જિલ્લાની બેઠક માટે પણ પસંદગી કરવામાં આવી હોવાની વાતો જાણવા મળેલ છે. ઉત્તર ગુજરાતમાં કેટલાક આગેવાનોની બેઠકોમાં ફેરફાર કરવામાં આવશે તેમ પણ ભાજપના વર્તુળોમાં ચર્ચા થતી સાંભળવા મળી હતી.

ભાજપની પ્રથમ યાદી પણ ૧૬મીએ જાહેર થવાની પૂરી સંભાવના છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની બેઠકોને આવરી લેવાશે. ભાજપ આ વખતે સૌરાષ્ટ્ર માટે ખૂબ કાળજીપૂર્વક પસંદગી કરી રહ્યું છે.

## રાહુલ ગાંધીની સાથે સાથે...

**પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર સહિત છ કોંગી આગેવાનોના ખિસ્સા કપાયા : બે મોબાઈલ ચોરાયા : જિલ્લામાં કોંગી કાર્યકરોને પૂરો સંદેશો પણ જિલ્લા નેતાગીરીએ નહોતો આપ્યાની ફરિયાદો ઉઠી**

- કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ચિલોડાની સભામાં જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર સહિત અડધો ડઝન જેટલા કોંગ્રેસી નેતાઓના ખિસ્સા કપાયા અને મોબાઈલ ફોન ચોરાયાની ઘટના બની હતી.
- જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના ખિસ્સામાં રૂ. ૧૭,૫૦૦ રોકડ હતા તે કિસ્સુ જ કપાઈ ગયું તો વાંસજડા(ડે)ના સરપંચના ખિસ્સામાંથી ૨૫ હજાર ગયા. આ ઉપરાંત બે મુસ્લીમ આગેવાનોના ખિસ્સા પણ કપાઈ ગયા હતા. સભાને અંતે તેમણે ધારાસભ્ય કામિનીબા રાઠોડને આ અંગે રજુઆત કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં છાલા ખાતે પણ એક ગ્રામસભાને રાહુલ ગાંધીએ સંબોધન કર્યું હતું. અહિ ગ્રામજનોએ પાઘડી તેમજ તલવાર સહિત વિવિધ પરંપરાગત રીતે તેમનું સ્વાગત કર્યું હતું.
- ચિલોડામાં વર્ષો પહેલાં ઈન્દિરા ગાંધીએ ચાર રસ્તા પર સભા કરી હતી તે પછી આજે રાહુલે સભા કરતાં ગ્રામજનોમાં ખુશી જોવા મળતી હતી.
- ચિલોડા સુધી બ્લેક ગાડીમાં ગયેલા રાહુલ ગાંધીએ છેલ્લી ઘડીએ રૂટમાં ફેરફાર કરી ગાંધીનગર અક્ષરધામની પણ મુલાકાત લીધી હતી અને ગાંધીનગર થઈ ચિલોડા પહોંચ્યા હતા.
- આલમપુર ખાતે પણ તેમનું ઠાકોર સેનાના કાર્યકરોએ સ્વાગત કર્યું હતું.
- છાલાથી ચંદ્રાલા પહોંચી એક નાનકડી હોટલમાં ફાફડા-ભજીયા અને ચાની ચુસકી માણી હતી.

● અનુસંધાન પાન-૩ પર





અક્ષરધામથી અંબાજીની રાહુલ ગાંધીની યાત્રા જ્યારે ચિલોડા પહોંચી ત્યારે કોંગ્રેસના આગેવાનો દ્વારા ભાવપૂર્વક સ્વાગત કરાયું હતું... ચિલોડા ચાર રસ્તે એકત્ર જનસમુહને સંબોધતા રાહુલ ગાંધીએ ભાજપની નિતિઓ સામે આકરા પ્રહારો કર્યા હતા...

## રાહુલ ગાંધીએ ચંદ્રાલા ગામે ફાફડા-જલેબીનો સ્વાદ માણ્યો



રાહુલ ગાંધીએ આજે ઉત્તર ગુજરાતના તેમના ચૂંટણી પ્રવાસ દરમ્યાન છાલા-ચંદ્રાલા ગામે એક સામાન્ય હોટલમાં આમ આદમીની જેમ ફાફડા-જલેબી અને ભજીયાની જયાફત માણી હતી. તેમની સાથે ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો પણ હોટલમાં બેઠા હતા. સ્થાનિક ગ્રામજનો અને લોકો તો રાહુલ ગાંધીને સામાન્ય માણસની જેમ આ પ્રકારનો સામાન્ય નાસતો કરતાં જોઈ દંગ રહી ગયા હતા અને પ્રભાવિત થયા હતા. રાહુલ ગાંધી આ વખતે નવા અંદાજમાં જોવા મળે છે... મંદિરોમાં દર્શને જઈ સોફ્ટ હિંદુત્વ તરફનો સંકેત તો બીજી તરફ રોડ પરની હોટેલ - રેસ્ટોરન્ટમાં સામાન્ય માણસની જેમ નાસ્તા-પાણી કરી ડાઉન ટુ અર્થનો મેસેજ આપી રહ્યા છે... દરેક સભાઓમાં કે રોડ-શૉમાં બાળકો પરત્વે લાગણી વ્યક્ત કરતા બાળકને વ્હાલથી તેડી લે છે અથવા તો ચોકલેટ આપે છે... અને ટોળામાં ઘુસી યુવાનો સાથે સેલ્ફી લે છે... આમ આ વખતના પ્રચાર અભિયાનમાં રાહુલ ગાંધીનો નવા અંદાજે ચર્ચાઓ જગાવી છે....

# લોકસભા અને રાજ્યસભામાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ કોંગ્રેસ કરશે : રાહુલ

**ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી તો યુવાનોને રોજગાર નથી : જીએસટીના દર ઘટાડવાથી પ્રશ્નોનું નિરાકરણ થતુ નથી તે વાત સરકાર સમજતી નથી : ચિલોડા-છાલામાં ગ્રામસભાઓ સંબોધતાં રાહુલના પ્રહારો**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહિલાઓને ટિકિટ સારી એવી સંખ્યામાં ફળવાશે અને કેન્દ્રમાં સરકાર આવશે તો લોકસભા અને રાજ્યસભામાં પણ મહિલાઓ માટે અનામત બેઠકની જોગવાઈ કરતો કાયદો લાવીશુ તેમ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ચિલોડા-છાલામાં ગ્રામસભાઓને સંબોધતાં જણાવ્યું હતું.

જીએસટીમાં ઘટાડાયેલા સ્લેબ સામે નારાજગી વ્યક્ત કરી તેમણે જણાવ્યું હતું કે જીએસટીને સરકાર સમજી જ નથી. ટેક્ષ ટેરરીઝમ કરી રહી છે સરકાર. અમે એ વખતે પણ વેરાના સરળીકરણની વાત કહી હતી સાથે સાથે જીએસટી પણ સરળ રહેશે તે રીતે આગળ વધવાનું કહેતા હતા પણ સરકાર સાંભળતી પણ નથી અને બોલતી પણ નથી.

ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. તેમણે જણાવ્યુ હતુ કે યુવાનોને રોજગારીની તકો આપવામાં પણ સરકાર નિષ્ફળ રહી છે એટલુ જ નહિ શિક્ષણ મોંઘુદાટ કરી મુક્યું છે.

સુરતમાં ગુજરાતની તાકાત મેં જોઈ છે મને ગર્વ છે. ગુજરાતના યુવાનની ધગશથી હું પ્રભાવિત થયો છું. આ સરકારે ખેડૂતોની જમીન લઈ લીધી ઉદ્યોગગૃહોને આપી દીધી પણ ઉદ્યોગગૃહો તેનો કેટલોક હિસ્સો વાપરે છે અને બાકીની જમીન વેરાન પડી રહી છે. ગુજરાતમાં કોંગ્રેસનું શાસન આવશે તો તે આવુ તો નહિ જ થવા દે. સૌને સમાન તક અને સૌનો સાચો વિકાસ થાય તેમજ સરકાર તેમની છે તેવી અનુભૂતિ થશે એ મારો વાયદો છે.

ચૂંટણી સભામાં જિલ્લા તાલુકા કોંગ્રેસ સમિતિ યુવા પાંખ દ્વારા વિશેષમાં ફૂલહાર અને તલવાર ભેટ આપી સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકી, ગુજરાત પ્રભારી અશોક ગેહલોત, અલ્પેશ ઠાકોર, સિદ્ધાર્થ પટેલ, વર્ષાતાઈ ગાયકવાડ, હિમાંશુ પટેલ, નિશીત વ્યાસ, કામિનીબેન રાઠોડ, બળદેવજી ઠાકોર, સૂર્યસિંહ ડાભી, અરવિંજી સોલંકી સહિત અનેક કોંગ્રેસી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ચિલોડા, માણસા, દહેગામ, પેથાપુર, જિલ્લા તથા તાલુકાના અનેક કાર્યકરો ઉમટી પડતાં રાહુલ ગાંધીને સાંભળવા મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી.

ત્યારબાદ રાહુલ ગાંધીએ સંબોધન કર્યા બાદ સ્ટેજ પરથી નીચે ઉતરી જનમેદનીને હાથ મિલાવી સંવાદ કર્યો હતો. ત્યારબાદ નવસર્જનયાત્રા ચિલોડાથી છાલા મુકામે પહોંચતા ત્યાં સભાને સંબોધન કર્યુ હતુ. ત્યાં ચૌધરી સમાજના લોકોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આમ છાલાથી પ્રસ્થાન કરી ચંદ્રાલા ખાતે એક હોટલમાં રાહુલ ગાંધીએ હળવો નાસ્તો કર્યો હતો.



**બેસણું**

મારા નાનાભાઈ શ્રી

**હર્ષદભાઈ શાંતીલાલ પંડ્યા**

(પંડ્યા આઈસ વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર)

તા.૧૦-૧૧-૨૦૧૭ને શુક્રવારના રોજ કૈલાસવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૩-૧૧-૧૭ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** અમારા નિવાસ સ્થાને રાખેલ છે.


સ્થળઃ- "શાંતીનિકેતન" પ્લોટ નં.૩૨૯, શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર

લિ. રસીકભાઈ શાંતીલાલ પંડ્યા  દ.હિમાંશુ હર્ષદભાઈ પંડ્યા

તથા સમસ્ત પંડ્યા પરિવાર

**ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં.૭ના મતદારોને**

**નૂતન વર્ષાભિનંદન**


હિરલબેન જોષી


ઉર્મિલાબેન વર્મા


રાકેશ પટેલ


જયરાજસિંહ વાઘેલા

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com